# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-05-2024** **Evening : 7.50 to 8.00**

**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **હિના મોદી** વાંચે છે.

-----------------------------------------------------------

- ✓ આગામી ૭મી મે એ યોજાનાર લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કાના 10 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૯૩ બેઠકો પર આજે પ્રચાર કાર્ય પુર્ણ થયો.
- ✓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે ઓરિસ્સાની વિધાનસભા ચૂંટણી માટે 6 ઉમેદવારોની યાદી જાહેર કરી છે.
- ✓ આજે છત્તીસગઢના દંતેવાડા જિલ્લામાં 35 માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું છે. આમાંથી ત્રણ માઓવાદીઓ પર ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું.
- ✓ વિશ્વના સૌથી મોટા લોકતંત્ર ભારતમાં યોજાનારી લોકસભા ચૂંટણીના સાક્ષી બનવા માટે 23 દેશના 75 આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ ભારત આવી પહોચ્યા.
- ✓ કેરળ અને તામિલનાડુના દરિયાકાંઠે યલો એલર્ટ જાહેર કરાયું.
- ✓ ભારતના તેજસ્વિન શંકરે આજે અમેરિકાના ટક્સનમાં USATFમાં પુરુષોની ઉંચા કૂદની હરિફાઇમાં વિજય મેળવ્યો.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# THIRD PHASE

લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કાનો પ્રચાર આજે સાંજે પુર્ણ થયો છે. 10 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવની 93 બેઠકો પર આ મંગળવારે મતદાન થશે.

ઉત્તર પ્રદેશના ઇટાવા ખાતે એક ચૂંટણી રેલીને સંબોધતા પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ કહ્યું કે જ્યારે અમારી સરકાર અને વૈજ્ઞાનિકો દરેકને બચાવવા માટે સખત પ્રયાસ કરી રહ્યા હતા. ત્યારે સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસે કોવિડના સમયગાળા દરમિયાન લોકોને ભડકાવવા અને જુઠ્ઠાણા ફેલાવવાનો પ્રયાસ કર્યો.

પ્રધાનમંત્રીએ કહ્યું કે કેટલાક પરિવારો માને છે કે અમુક વિસ્તારો તેમની અંગત મિલકત છે પરંતુ આ વખતે એવું થવાનું નથી. ઈટાવા સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવનું વતન છે.

શ્રી નરેન્દ્ર મોદીએ હવે સીતાપુરમાં બીજી રેલીને સંબોધિત કરી હતી. બાદમાં મોડી સાંજે પ્રધાનમંત્રી મોદી અયોધ્યામાં  રોડ શો પણ કરશે. બે કિલોમીટર લાંબો રોડ શો સાંજે સુગ્રીવ કિલા વિસ્તારમાંથી શરૂ થશે અને લતા ચોક ખાતે સમાપ્ત થશે. રોડ શો પહેલા તેઓ રામ લલા મંદિરમાં દર્શન અને પૂજન કરશે.

## AMIT SHAH ANDHRA PRADESH

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે આંધ્રપ્રદેશમાં હિન્દુપુર લોકસભા બેઠક માટે ધર્મવરમ ખાતે ચૂંટણી સભા સંબોધી હતી.

શ્રી શાહે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ આજે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના થકી 80 કરોડ લોકોને વિના મુલ્યે રાશન મળ્યું છે. તેમજ

આયુષ્માન ભારત યોજના અંતર્ગત 50 કરોડ દેશવાસીઓને 5 લાખ રૂપિયાના આરોગ્ય વીમાનો લાભ મળી રહયો છે.

શ્રી શાહે કોરોનાકાળને યાદ કરતા કહ્યું, દેશના 130 કરોડ લોકોને વિનામૂલ્યે કોરોનાની રસી આપવામાં આવી છે. તેમણે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી વાય. એસ. જગન મોહન રેડ્ડીની ટીકા કરતા કહ્યું કે, તેઓ રાજ્યના વિકાસ અને રોકાણ પર ધ્યાન આપી રહ્યા નથી.

તેમણે ખાતરી આપી કે, કેન્દ્રની **NDA** સરકાર પોલાવરમ્ અને હાન્દ્રી નીવા પ્રોજેક્ટને પૂર્ણ કરવા તમામ શક્ય સહયોગ આપશે, જેનાથી ખેડૂતોની સમૃદ્ધિ થશે. અંતમાં તેમણે વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારતનો લક્ષ્યાંક હાંસલ કરવા **NDA**ને મત આપવા અપીલ કરી હતી.

## TELANGANA-CAMPAIGNING-AMIT-SHAH

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે પુનરોચ્ચાર કર્યો હતો કે ભાજપ એસસી, એસટી અને ઓબીસી માટે અનામતનું રક્ષણ કરશે અને તેને વધારશે.

અદિલાબાદ લોકસભા મતવિસ્તારમાં સિરપુર કાગઝનગર ખાતે ચૂંટણી રેલીને સંબોધતા, શ્રી શાહે લોકોને અનામત પર કોંગ્રેસ પર વિશ્વાસ ન કરવા કહ્યું કારણ કે તેલંગાણાના મુખ્ય પ્રધાને પણ આ સંદર્ભમાં તેમનો નકલી વીડિયો આગળ મૂક્યો હતો.

શ્રી શાહે એવો પણ આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસના નેતાઓ તેમની વોટ બેંકથી ડરે છે. તેમણે કહ્યું કે, મોદી સરકારે છેલ્લા **10** વર્ષો દરમિયાન કડક નિર્ણયો લઈને આતંકવાદ અને નક્સલવાદને લગભગ ખતમ કરી દીધો છે. શ્રી શાહે વધુમાં આક્ષેપ કર્યો હતો કે **BRS** છેલ્લા **10** વર્ષમાં ભ્રષ્ટાચારમાં સંડોવાયેલ છે અને હવે

કોંગ્રેસ સરકાર પણ ભ્રષ્ટાચારમાં સંડોવાયેલી છે શ્રી શાહ આજે પછી નિઝામાબાદ અને સિકંદરાબાદમાં ચૂંટણી રેલીઓને પણ સંબોધિત કરશે.

## CONGRESS ODISHA LIST

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે ઓરિસ્સાની વિધાનસભા ચૂંટણી માટે 6 ઉમેદવારોની યાદી જાહેર કરી છે.

પક્ષે આ વખતે જલેશ્વર વિધાનસભા બેઠક પરથી દેબી પ્રસન્ના ચંદની જગ્યાએ સુદર્શન દાસને ટિકીટ આપી છે. જ્યારે ઉમેદવાર અક્ષય આચાર્ય નિલગિરિ બેઠક પરથી ચૂંટણી મેદાનમાં છે. પુરી વિધાનસભા બેઠક પરથી સુજિત મહાપાત્રાની જગ્યાએ ઉમા બલ્લવ રથને ટિકિટ આપવામાં આવી છે. ઉપરાંત અથાગઢ બેઠકથી સુદર્શન સાહુ અને અથમલ્લિક બેઠક પરથી હિમાંશું ચૌલિયા ચૂંટણી લડશે.

## DELHI CONGRESS PREZ

દિલ્હી પ્રદેશ કોંગ્રેસ સમિતિના નવનિયુક્ત અધ્યક્ષ દેવેન્દ્ર યાદવે આજે હજારો કાર્યકર્તાઓની ઉપસ્થિતિમાં અધ્યક્ષપદ ગ્રહણ કર્યું હતું.

આ પ્રસંગે સાંસદ અજય માકન, પૂર્વ સાંસદ સંદિપ દિક્ષિત, જયપ્રકાશ અગ્રવાલ, કૃષ્ણા તિરથ સહિત પાર્ટીના અનેક નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી યાદવે કાર્યકર્તાઓને સંબોધિત કરતા કહ્યું કે, આ પડકારજનક સમયમાં કોંગ્રેસના નેતૃત્વ એ તેમની પર વિશ્વાસ મુકીને જે જવાબદારી સોંપી છે... તેને તેઓ સારી રીતે નિભાવશે.

## CHHATTISGARH--MAOISTS-SURRENDER

આજે છત્તીસગઢના દંતેવાડા જિલ્લામાં 35 માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું છે. આમાંથી ત્રણ માઓવાદીઓ પર ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું.

આ માઓવાદીઓએ દંતેવાડા વિસ્તારના નાયબ પોલીસ મહાનિરીક્ષક કમલોચન કશ્યપ અને દંતેવાડા પોલીસના લોન વરાતુ ઓપરેશન હેઠળ કેન્દ્રીય રિઝર્વ પોલીસ ફોર્સ અને પોલીસના વરિષ્ઠ અધિકારીઓ સમક્ષ આત્મસમર્પણ કર્યું.

તમામ માઓવાદીઓ ભૈરમગઢ અને કાતેકલ્યાણ એરિયા કમિટી સંગઠનના સક્રિય સભ્યો હતા. તમામ માઓવાદીઓ નક્સલવાદી ગતિવિધિઓ અને રસ્તા રોકો જેવા મામલામાં આરોપી હતા.

આત્મસમર્પણ અને પુનર્વસન નીતિ હેઠળ, સરકાર તમામ માઓવાદીઓને 25,000 રૂપિયા આપશે. દંતેવાડા પોલીસના લોન વરતુ અભિયાન હેઠળ સાતસો 96 માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું છે.

## CEC DELIGATES INDIA VISIT

વિશ્વના સૌથી મોટા લોકતંત્ર ભારતમાં યોજાનારી લોકસભા ચૂંટણીના સાક્ષી બનવા માટે 23 દેશના 75 આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ ભારત આવી પહોચ્યા છે.

મુખ્ય ચૂંટણી અધિકારી રાજીવ કુમારે નવી દિલ્હી ખાતે 23 દેશના ચૂંટણી પ્રતિનિધિઓને સંબોધિત કરતાં વિસ્તૃત માહિતી આપી હતી. આ તમામ મહેમાનો માટે યોજાયેલા આંતરરાષ્ટ્રીય ચૂંટણી મુલાકાતી કાર્યક્રમનું આજે ઉદ્ઘાટન સત્ર યોજાયું હતું.

અમારા સંવાદદાતાએ જણાવ્યું કે, ચૂંટણી પંચે વિદેશી પ્રતિનિધિઓને લોકશાહી પર્વની ઉજવણી જોવા માટે આમંત્રિત કર્યા છે.

હવે આ પ્રતિનિધિઓ મહારાષ્ટ્ર, ગોવા, ગુજરાત, કર્ણાટક, મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશ એમ છ રાજ્યોના વિવિધ મતવિસ્તારમાં ચૂંટણી અને સંબંધિત તૈયારીઓનું નિરીક્ષણ કરવા પહોંચશે. તેમનો આ કાર્યક્રમ 9 મેએ પૂર્ણ થશે.

## KERALA ALERT

કેરળ અને તામિલનાડુના દરિયામાં ઉચા મોજા ઉછળી રહ્યાં છે. આ સ્થિતિને કારણે ઇન્ડિયન નેશનલ સેન્ટર ફોર એશિયન ઇન્ફોર્મેશન સર્વિસિસ દ્વારા કેરળ અને તામિલનાડુના દરિયાકાંઠે યલો એલર્ટ જાહેર કરાયું છે.

આ ચેતવણી આજે રાત્રે 11 વાગીને ત્રીસ મિનિટ સુધીની છે. કેરળના તિરુવનંતપુરમ અને થ્રિસુરમાં દરિયો તોફાની બન્યો છે.. અત્યારની દરિયાની જે સ્થિતિ છે તેને સ્થાનિક રીતે 'કલ્લાકદલ' તરીકે ઓળખવામાં આવે છે..આ પરિસ્થિતિને કારણે દરિયાકાંઠાના વિસ્તારમાંથી લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવી રહ્યાં છે..જ્યાં સુધી દરિયાની સ્થિતિ સુધરે નહીં ત્યા સુધી માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે.

## HIGH JUMP

ભારતના તેજસ્વિન શંકરે આજે અમેરિકાના એરિઝોનાના ટક્સનમાં USATFમાં પુરુષોની ઉંચી કુદની હરિફાઇમાં વિજય મેળવ્યો હતો. રાષ્ટ્રીય વિક્રમ સર્જક તેજસ્વિને વર્લ્ડ એથ્લેટિક્સ કોન્ટિનેંટલ ટૂર - સિલ્વર ઈવેન્ટમાં ટોચનું સ્થાન મેળવ્યુ હતુ. તેજસ્વિનીએ પ્રથમ પ્રયાસમાં 2.23 મીટર કૂદ સાથે સિઝનના તેમના શ્રેષ્ઠ પ્રયાસોની બરાબરી કરી હતી.આ સ્પર્ધામાં અમેરિકાના અર્ની સીઅર્સ બીજા ક્રમે જ્યારે મેક્સિકોના રોબર્ટો વિલ્યેસ ત્રીજા ક્રમે રહ્યા હતા. તો અન્ય ભારતીય એથ્લેટ, સર્વેશ કુશારે 2.13 મીટર સાથે પાંચમું સ્થાન મેળવ્યું હતું.

## IMD WEATHER NATIONAL

**દેશના પૂર્વ ભાગમાં આજે અને દક્ષિણ ભારતના કેટલાક ભાગોમાં આવતીકાલ સુધી અતિશય ગરમીની સ્થિતિ જોવા મળશે.**

**હવામાન વિભાગે આજે ગંગા પશ્ચિમ બંગાળના કેટલાક ભાગોમાં તેમ જ બિહાર, ઓરિસ્સા અને તટીય આંધ્રપ્રદેશના કેટલાક ભાગોમાં આજે ભીષણ ગરમીની**

સ્થિતિ યથાવત રહેવાની સંભાવના વ્યક્ત કરી છે. જ્યારે તેલંગાણા અને વિદર્ભમાં આજે અને આવતીકાલે તથા આંતરિક કર્ણાટકમાં 7 મે સુધી વાતાવરણ ગરમ રહેશે.

આ સાથે જ આગામી સાત મે સુધી પૂર્વોત્તર ભારતમાં વાવાઝોડાં અને ઝડપી પવનની સાથે મુશળધાર વરસાદ થવાની પણ આગાહી છે. તો અરૂણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં આગામી સાત દિવસ સુધી, જ્યારે દેશના પૂર્વીય અને દક્ષિણી ભાગોમાં આગામી નવ મે સુધી વરસાદની આગાહી છે.